# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

**પરિપત્ર નં.૧૪૦ તા.૦૩-૦૨-૨૦૨૨**

ફકત મ્યુનિ. શાળાઓ માટે જ :-

**વિષય :- સને ૨૦૨૨-૨૦૨૩ ના વર્ષ દરમ્યાન નિવૃત્ત થનાર કર્મચારીઓની વિગતો તૈયાર કરી મોકલવા બાબત.**

આથી તમામ મ્યુનિ. શાળાના મુખ્ય શિક્ષકશ્રીઓને જણાવવાનું છે કે તમારી શાળાના કર્મચારીઓ પૈકી સને ૨૦૨૨/૨૦૨૩માં નિવૃત્ત થનાર કર્મચારીઓની વિગતો નીચે દર્શાવેલ નમૂના મુજબના આડાપત્રકમાં બે નકલમાં તૈયાર કરી **પત્રકની એક નકલ તમારી ઝોન ઓફિસમાં અને પત્રકની બીજી નકલ પેન્શન વિભાગ, એલિસબ્રીજ શા.૧૦માં રૂબરૂમાં મોડામાં મોડા તા.૧૫-૦૨-૨૦૨૨ સુધીની સમયમર્યાદામાં મળે તે રીતે મોકલી આપવી.**

નિવૃત્તિની વિગતો મોકલવા અંગે નીચેની સુચનાઓ/બાબતો અચુક ધ્યાનમાં રાખવી.

૧. તમારી શાળાના માહે ડિસેમ્બર-૨૦૨૧ની કોમ્પ્યુટર ડેટા-માહિતી પત્રક તેમજ પગારબીલનાં આધારે શિડયુઅલ પોસ્ટના તમામ કર્મચારીઓ પૈકી જેઓ આગામી વર્ષમાં એટલે કે સને ૨૦૨૨-૨૦૨૩ના વર્ષ દરમ્યાન (તા.૧-૪-૨૦૨૨ થી તા.૩૧-૩-૨૦૨૩ સુધીમાં ) વયમર્યાદા પૂર્ણ થતાં નિવૃત્ત થનાર છે. તેવા કર્મચારીઓની વિગતો ફુલસ્કેપ કાગળમાં બે નકલમાં તૈયાર કરવી.

૨. ટીચીંગ સ્ટાફ કર્મચારીઓ પૈકી મુખ્ય શિક્ષકશ્રી, આ.શિ., પૂ.પ્રા.શિક્ષક કે જેમની જન્મ તારીખ ૧-૪-૬૪ થી તા.૩૧-૩-૬૫ સુધીમાં આવતી હોય તેઓની નિવૃત્તિ વયમર્યાદા ૫૮ વર્ષની ઉંમર તા.૧-૪-૨૦૨૨ થી તા.૩૧-૩-૨૦૨૩ સુધીમાં પુરી થશે. તેથી તેઓ સને ૨૦૨૨-૨૦૨૩ માં નિવૃત્ત થવાને પાત્ર થશે.

૩. ચોથા વર્ગના કર્મચારીઓ પૈકી પગી, પા.પા. તેડાગર, ઘડીયાળ-રેકઝીન વર્ગના પા.પા. પટાવાળાકે જેમની જન્મ તા.૧-૪-૬૨ થી તા.૩૧-૩-૬૩ હોય તેઓની નિવૃત્તિ વયમર્યાદા ૬૦ વર્ષની ઉંમર તા.૧-૪-૨૦૨૨ થી તા.૩૧-૩-૨૦૨૩ સુધીમાં પુરી થશે. તેઓ સને ૨૦૨૨-૨૦૨૩માં નિવૃત્ત થવાને પાત્ર બનશે.

૪. જે શાળામાંથી કોઈ કર્મચારી નિવૃત્ત થતા ન હોય તો પણ આડુ પત્રક બનાવી **"અત્રેની શાળામાંથી કોઈ કર્મચારી નિવૃત્ત થતા નથી."** તે મતલબનું લાલ અક્ષરમાં સર્ટી આપી પત્રક અવશ્ય મોકલવાનું છે.

૫. **તમારી શાળાના કોઈપણ નિવૃત્ત થતા કર્મચારીની વિગત મોકલવાની રહી ન જાય તેની ખાસ કાળજી રાખવી,** કોઈ કેસમાં શંકા અગર ભૂલ જણાય તો સબંધિત ઝોન ઓફિસે રૂબરૂ જઈ સર્વિસબુક ઉપરથી ચકાસણી કરી લેવી.

૬. ઘણી શાળાઓની માહિતી ખોટી આવે છે.સમજણ ના પડે તો રૂબરૂ ઝોન ઓફિસ કે પેન્શન વિભાગનો સંપર્ક કરવો.

૭. આ વિગતો - માહિતી જાણકાર કર્મચારી સાથે રૂબરૂ મોકલવી પટાવાળા ભાઈઓ સાથે મોકલવી નહીં.

૮. આડાપત્રક સાથે નિવૃત્ત થતા કર્મચારીની પગારસ્લીપની ઝેરોક્ષ મુખ્ય શિક્ષકશ્રીના સહી-સિકકા સાથે પ્રમાણિત કરી સામેલ કરવી.જે શાળામાં મુખ્ય શિક્ષક ન હોય ત્યાં શાળાના પ્રથમ આસિ.શિક્ષકે ચોકસાઈપૂર્વક આડુપત્રક બનાવી મોકલી આપવાનું રહેશે. પરિપત્ર વાંચી સમજી અને તે મુજબ અમલ કરવો.

૯. ન.પ્રા.શિ.સમિતિમાં દાખલ થયા હોય તે તારીખ સળંગ નોકરીની તારીખના ખાનામાં લખવી.

૧૦. પેન્શન વિભાગ-એલિસબ્રીજ શા.નં.૧૦ મુખ્ય ઓફિસમાં જે માહિતી મોકલો તેમાં આસિ.એ.ઓના સહી સિકકા કરાવી મોકલવી.

૧૧. નિવૃત્તિ યાદી ચોક્સાઇપૂર્વક તૈયાર કરવી. જો કોઇ કર્મચારીનું નામ રહી જશે અને ત્યારબાદ કોઈ પ્રશ્નો ઉભા થશે તો જે તે કક્ષાએ જવાબદારી નક્કી કરી કાર્યવાહી કરવામાં આવશે.

# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

## <u>નિવૃત્ત થતા કર્મચારીની વિગત દર્શાવતું નમૂનાનું આડુપત્રક :-</u>

પરિપત્ર નં...... તા.   મુજબ સને ૨૦૨૨/૨૦૨૩ (તા.૧-૪-૨૦૨૨ થી તા.૩૧-૩-૨૦૨૩ સુધી)ના સમય દરમ્યાન નિવૃત્ત થવાને પાત્ર કર્મચારીઓની વિગત :-

શાળાનું નામ :-........... ડિપાર્ટમેન્ટ નંબર :-........... ઝોન ......

| ક્રમ | ડિપાર્ટમેન્ટ નંબર | શાળાનું નામ | એમ્પ્લોઈ નંબર | નિવૃત્ત થનાર કર્મચારીનું નામ(નિમણુક પછી નામ બદલાવેલ હોય તો બન્ને નામ લખવા) | હોદ્દો(શિક્ષક હોય તો નિમ્ન પ્રાથમિક/ઉચ્ચ પ્રાથમિક-વિષય દર્શાવવો) | જન્મ તારીખ | સળંગ નોકરીની તારીખ | નિવૃત્ત કરવાની તારીખ | પેન્શન કે સીપીએફ | જી.પી. ફંડ નંબર |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ | ૧૧ |
| | | | | | | | | | | |

<u>પ્રમાણપત્ર</u>

આથી સર્ટી. આપવામાં આવે છે કે અત્રેની શાળાના શીડયુઅલ પોસ્ટ પરના તમામ કર્મચારીઓની પગારબીલ તેમજ કોમ્પ્યુટર પગાર સ્લીપ ઉપરથી નિવૃત્ત થતા કર્મચારીની વિગતોની બરાબર ચકાસણી કરવામાં આવેલ છે.

આડાપત્રકમાં જણાવેલ ઉપરોક્ત નિવૃત્ત થતાં કર્મચારીઓ સિવાયના બીજા કોઈ કર્મચારીઓ નિવૃત્ત થતા નથી. તેની ખાત્રી કરી ચોકસાઈપૂર્વક યાદી બનાવવામાં આવી છે.

મુખ્ય શિક્ષકની સહી/સિકકો

.............. શાળા નં.....

નકલ રવાના :-

(૧) પેન્શન વિભાગ, એલિસબ્રીજ શા.૧૦ - જાણ તથા અમલ સારૂ

(૨) તમામ મદદનીશ શાસનાધિકારીશ્રી - ઉપરોક્ત પરિપત્રની વિગતે તમારા ઝોનની માહિતી મોકલવા સારૂ

(૩) ઓફિસ સ્ટાફ પગારબીલ કલાર્કશ્રી - ઉપરોક્ત પરિપત્રની વિગતે ઓફિસ સ્ટાફની માહિતી મોકલવા સારૂ

તા.૦૩-૦૨-૨૦૨૨

ડૉ. એલ. ડી. દેસાઈ
શાસનાધિકારી